# ધી સુરત વણકર સહકારી સંઘ લી.

## ૭૩ મી વર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી સંઘના સર્વે સભાસદોને જણાવવાનું કે હાલની કોવિડ-૧૯ મહામારીની પરિસ્થિતિમાં અને વાર્ષિક સાધારણ સભા યોજવાની આવશ્યાક્તાને ધ્યાનમાં રાખીને તથા સેન્ટ્રલ રજીસ્ટ્રાર કો. ઓપ. સોસાયટી, નવી દિલ્હીના પરિપત્ર અને અન્ય લાગુ કાયદાના અનુપાલન સ્વરૂપ સંઘની **૭૩ મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૯-૧૨-૨૦૨૦, ને મંગળવારના રોજ સાંજે ૪-૦૦ કલાકથી** (ભારતીય સમય અનુસાર) **વિડીયો કોન્ફરન્સીંગ (VC) અન્ય ઓડીયો વિઝયુઅલ માધ્યમો (OAVM)** મારફત નીચે જણાવ્યા મુજબના કામો માટે મળશે જેમાં સામેલ થવા નિમંત્રણ છે.

વિડીયો કોન્ફરન્સીંગ (VC) તથા અન્ય ઓડીયો વિઝયુઅલ માધ્યમો (OAVM) મારફત સાધારણ સભાની વિગતવાર માર્ગદર્શિકા અને પ્રક્રિયા સંઘની વેબસાઈટ www.vankarspinner.com પર ઉપલબ્ધ છે.

**કામ નં. ૧.** તા. ૩૦-૯-૨૦૧૯ ના રોજ મળેલી વાર્ષિક સાધારણ સભાનો અહેવાલ વાંચી સંભળાવી મંજુર કરવા.

**કામ નં. ૨.** પ્રમુખશ્રીનું પ્રવચન.

**કામ નં. ૩.** તા. ૧-૪-૨૦૧૯ થી તા. ૩૧-૩-૨૦૨૦ સુધીના પુરા થતા વર્ષનું નફા-નુકશાન તથા સરવૈયાના હિસાબો મંજુર કરવા તથા ઓડીટર તરફથી આવેલી નોંધ સભા સમક્ષ રજુ કરવાનું તથા સબબ વર્ષમાં ખોટ હોવાથી રીઝર્વ ફંડ કે અન્ય ફંડમાં કોઈ રકમ લઈ જવા માટે વ્યવસ્થાપક સમિતિએ ભલામણ કરી નથી જે મંજુર કરવા.

**કામ નં. ૪.** તા. ૧-૪-૨૦૧૯ થી તા. ૩૧-૩-૨૦૨૦ સુધીના પૂરા થતા વર્ષમાં ખોટ હોવાથી સભ્યશ્રીઓને શેર થાપણ ઉપર ડિવિડન્ડ વહેંચી શકાશે નહીં જેને બહાલી આપવા.

**કામ નં. ૫.** પેટા નિયમ ૨૫ મુજબ વ્યવસ્થાપક કમિટીએ ભલામણ કરેલા પરિશિષ્ટ "ઈ" માં જણાવ્યા મુજબના પેટાનિયમમાં સુધારા વધારા કરવા.

**કામ નં. ૬.** સને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ માટે હિસાબો તપાસવા માટે ઈન્ટરનલ ઓડીટરની નિમણૂંક કરવા.

**કામ નં. ૭.** પ્રમુખશ્રીની મંજુરીથી બીજા જે કાંઈ કામો રજુ કરવામાં આવે તે ઉપર વિચારણા કરવા તથા નિર્ણય લેવા.

**નોંધ :** (૧) સંઘના વાર્ષિક સાધારણ સભાના વિગતવાર એજન્ડા તથા વાર્ષિક અહેવાલ અને હિસાબો સંઘની સુરત ઓફિસ વણકર સંઘ બિલ્ડીંગ, ત્રીજે માળે, રીંગરોડ, સુરતના નોટીસ બાર્ડ પર મુકવામાં આવેલ છે.

(૨) જો કોઈ સભાસદને સંઘના હિસાબ અંગે કોઈ ખુલાસો કે માહિતી જોઈતી હોય તો વાર્ષિક સભા મળવાના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં તે અંગે સંઘને લેખિત જાણ કરવી કે જેથી સામાન્ય સભાના દિવસ તે અંગેના ખુલાસા અને માહિતી આપી શકાય.

રીંગરોડ, સુરત-૩.
તા. ૧૭-૧૨-૨૦૨૦

રજનીકાંત એસ. બચકાણીવાલા
પ્રમુખ